# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભાજપના સાંસદોના તાલીમ કાર્યક્રમના સમાપન સત્રને સંબોધિત કરશે.**

**2)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે પૂરની સ્થિતિની સમીક્ષા કરવા પંજાબની મુલાકાત લેશે.**

**3)** **સર્વોચ્ચ અદાલત બિહારમાં મતદાર યાદીનું ખાસ ઊંડાણપૂર્વકનું પુનરાવર્તન કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ પર આજે સુનાવણી કરશે.**

**4)** **ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું સત્ર આજથી શરૂ થશે.**

**5)** **ભારતે એશિયા કપ પુરુષ હોકી ચેમ્પિયનશિપ જીતી લીધી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હોકી ટીમને શાનદાર જીત બદલ અભિનંદન પાઠવ્યા.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM –WORKSHOP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભાજપના સાંસદોના તાલીમ કાર્યક્રમના સમાપન સત્રને સંબોધિત કરશે. બે દિવસીય કાર્યશાળા ગઈકાલે સંસદ સંકુલમાં બાલયોગી ઓડિટોરિયમ ખાતે શરૂ થઇ હતી , જેનો હેતુ આવતીકાલે યોજાનારી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે મતદાન પ્રક્રિયાઓમાં સાંસદોને મૂળભૂત તાલીમ આપવાનો હતો.

---

# RIJIJU---BJP-MP-WORKSHOP

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે નવી દિલ્હીમાં ભાજપના સાંસદોનો તાલીમ કાર્યક્રમ સારી રીતે ચાલી રહ્યો છે. કાર્યશાળા પહેલા દિવસના સમાપન સમયે, શ્રી રિજિજુએ મીડિયાને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તમામ તાલીમ સત્રોમાં હાજર રહ્યા હતા.

## બાઇટ- કિરેન રિજિજુ

શ્રી રિજિજુએ કહ્યું કે આજે એનડીએ સાથી પક્ષોના સાંસદો પણ કાર્યશાળામાં હાજરી આપશે. પ્રધાનમંત્રી મોદી સમાપન સત્રને સંબોધિત કરશે.

---

# BJP--GST-REFORMS-RESOLUTION

ભારતીય જનતા પાર્ટી સંસદીય દળે નવી દિલ્હીમાં આયોજિત બે દિવસીય કાર્યશાળા દરમિયાન આગામી પેઢીના GST સુધારા માટેના પ્રસ્તાવને સર્વાનુમતે

મંજૂરી આપી. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ દ્વારા રજૂ કરાયેલા આ પ્રસ્તાવને ભાજપના સાંસદોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આ સાહસિક અને જન કલ્યાણકારી પગલા બદલ અભિનંદન આપ્યા.

પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે સુધારાના આગામી તબક્કાએ GST કર પ્રણાલીને સરળ બનાવી છે અને નાગરિકોના હિતને કેન્દ્રમાં રાખ્યું છે. ખાદ્ય પદાર્થો, ફાર્માસ્યુટિકલ્સ અને ઇલેક્ટ્રોનિક માલ પર GST દરમાં ઘટાડો કરવાથી તેમની કિંમતોમાં ઘટાડો થશે. નાના વ્યવસાયો, નિકાસકારો અને સ્ટાર્ટઅપ સાહસો માટે પણ પ્રક્રિયાઓ સરળ બનાવવામાં આવી છે.

પ્રસ્તાવમાં ઉત્પાદકો અને વેપારીઓને અપીલ કરવામાં આવી છે કે કર ઘટાડાના સીધા લાભ ગ્રાહકો સુધી પહોંચે. તાજેતરમાં કરવામાં આવેલા વસ્તુ અને સેવા કર સુધારાઓ દેશ માટે નિર્ધારિત તમામ મુખ્ય લક્ષ્યોને પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.

હાલમાં, GST કલેક્શન દર મહિને લગભગ બે લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.

---

# PUNJAB-PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે પૂરની સ્થિતિની સમીક્ષા કરવા માટે પંજાબની મુલાકાત લેશે. તેઓ સ્થાનિક પરિસ્થિતિઓનું વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરશે અને અસરગ્રસ્ત લોકોને મહત્તમ સહાય પૂરી પાડશે.

પંજાબ ભાજપ પ્રમુખ સુનીલ જાખડે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ મુલાકાતની પુષ્ટિ કરી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી પૂરની સ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે ખાસ નજર રાખી રહ્યા છે. શ્રી જાખરે પુનરોચ્ચાર કર્યો કે કેન્દ્ર સરકાર

પંજાબના લોકો સાથે હરસંભવ મદદ માટે તૈયાર છે.. પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે બે કેન્દ્રીય આંતર-મંત્રી ટીમો પણ નિયુક્ત કરવામાં આવી છે.

---

# SC--SIR-HEARING

સર્વોચ્ચ અદાલત બિહારમાં મતદાર યાદીનું ખાસ ઊંડાણપૂર્વકનું પુનરાવર્તન કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ પર આજે સુનાવણી કરશે.

ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની ખંડપીઠ રાષ્ટ્રીય જનતા દળ, અને અન્ય અરજદારોની દલીલો પર વિચાર કરશે. ચૂંટણી પંચે કહ્યું છે કે ખાસ પુનરાવર્તન દરમિયાન, ડ્રાફ્ટ મતદાર યાદીમાં સાત કરોડ ચોવીસ લાખ મતદારોમાંથી 99.5 ટકાએ સંશોધન દરમિયાન સંબંધિત દસ્તાવેજો રજૂ કર્યા છે.

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો હતો કે યાદીમાંથી દૂર કરાયેલા મતદારોને તેમનો દાવો રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે. આ કેસમાં આજની સુનાવણીમાં NGO અને રાજકીય પક્ષોની અરજીઓ સામેલ છે.

---

# GUJARAT-ASSEMBLY

ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું સત્ર આજથી શરૂ થશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, સત્ર દરમિયાન ઉદ્યોગ, નાણાં, શ્રમ અને આરોગ્યસંભાળ સંબંધિત પાંચ મહત્વપૂર્ણ વિધેયક રજૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી

ભૂપેન્દ્ર પટેલ સત્ર દરમિયાન ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી માટે આભાર પ્રસ્તાવ રજૂ કરશે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ

(VOICE CAST – DURGESH MAHETA)

---

# HEAVY RAIN

ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.. તેમા ગઇકાલે સવારે છ વાગ્યાથી પૂરા થયેલા 24 કલાક સુધીમાં 222 તાલુકાઓમાં અતિભારેથી ભારે વરસાદ વરસ્યો છે.. બનાસકાંઠા અને કચ્છને વરસાદે ધમરોળ્યુ છે..

બનાસકાંઠાના સૂઇ ગામમાં સાંબેલાધાર 16 ઇંચ વરસાદ ખાબક્યો હતો જ્યારે ભાંભાર તેર , થરાદ અને વાવમાં સાડા બાર ઇંચ જ્યારે કચ્છના રાપરમાં અગિયાર ઇંચ વરસાદ વરસ્યો હતો.આતમામ વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી..ગામડાઓ માર્ગો પાણીમાં ગરક થઇ ગયા હતા.. ભારેથી અતિભારે વરસાદના પગલે જનજીવન ખોરવાઇ ગયું હતું.

---

# ASIA-CUP-HOCKEY-FINAL

ભારતે એશિયા કપ પુરુષ હોકી ચેમ્પિયનશિપ જીતી લીધી છે. ગઈકાલે રાજગીરમાં યોજાયેલી સ્પર્ધાની ફાઇનલમાં, ભારતે ચેમ્પિયન દક્ષિણ કોરિયાને 4-1

થી હરાવ્યું. આ સાથે, ભારતે આગામી વર્ષે નેધરલેન્ડ અને બેલ્જિયમમાં યોજાનારા વિશ્વ કપ માટે પણ ક્વોલિફાય કર્યું છે.

ભારતે શરૂઆતથી જ દક્ષિણ કોરિયા પર પ્રભુત્વ જમાવ્યું.. દક્ષિણ કોરિયાનો એકમાત્ર ગોલ છેલ્લા ક્વાર્ટરમાં થયો હતો.

ભારત આ સ્પર્ધાની બધી મેચોમાં વિજયી રહ્યું હતું. કેપ્ટન હરમનપ્રીત સિંહે કહ્યું કે આ ટાઇટલ જીત મેચ દરેક  મેચ પ્રદર્શનમાં સુધારાનું પરિણામ છે.

## BYTE - HARMANPREET-SINGH

---

## PM-MEN-HOCKEY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના રાજગીરમાં આયોજિત એશિયા કપ 2025 માં ભારતીય પુરુષ હોકી ટીમને શાનદાર જીત બદલ અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે આ જીત વધુ ખાસ છે કારણ કે તેઓએ દક્ષિણ કોરિયાને હરાવ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ ભારતીય હોકી અને ભારતીય રમતગમત માટે ગર્વની ક્ષણ છે. તેમણે દેશના ખેલાડીઓ વધુ ઊંચાઈઓ સર કરતા રહે અને દેશને વધુ ગૌરવ અપાવે તે માટે પણ પ્રાર્થના કરી.

---

## LUNAR-ECLIPSE

ગઈકાલે રાત્રે એક અદભુત ખગોળીય ઘટના પૂર્ણ ચંદ્રગ્રહણ જોવા મળ્યું.. આ વર્ષનું બીજું ચંદ્રગ્રહણ હતું.પૃથ્વીના પડછાયાએ  રાત્રે 9:57 વાગ્યે ચંદ્રના ગોળને

ઢાંકવાનું શરૂ કર્યું. 11.01 વાગ્યે, પૃથ્વીનો પડછાયો ચંદ્રને સંપૂર્ણપણે ઢાંકી ગયો, તે તાંબા જેવો લાલ થઈ ગયો, જેના કારણે બ્લડ મૂનનું એક દુર્લભ પ્રદર્શન જોવા મળ્યું. પૂર્ણ ચંદ્રગ્રહણ રાત્રે 11.48 વાગ્યે ટોચ પર પહોંચ્યું અને લગભગ 12:22 વાગ્યે સમાપ્ત થયું. અવકાશી ઉત્સાહીઓ માટે સમગ્ર ભારતમાં ચંદ્રગ્રહણ 48 મિનિટથી થોડો વધુ સમય ચાલ્યું. ગ્રહણ નરી આંખે જોઈ શકાયું.

ચંદ્રગ્રહણ ત્યારે થાય છે જ્યારે પૃથ્વી સીધી સૂર્ય અને ચંદ્રની વચ્ચે ફરે છે, સૂર્યપ્રકાશને ચંદ્રની સપાટી પર પહોંચતા અટકાવે છે. સંપૂર્ણપણે અંધારું થવાને બદલે, ચંદ્ર લાલ દેખાય છે કારણ કે પૃથ્વીનું વાતાવરણ વાદળી પ્રકાશ ફેલાવે છે અને લાંબી લાલ તરંગલંબાઇને ચંદ્ર તરફ વાળે છે. આ કુદરતી અસર એ જ કારણ છે કે આપણે સૂર્યાસ્ત દરમિયાન તેજસ્વી લાલ અને નારંગી રંગછટા જોઈએ છીએ.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખાબોરમાં ગુજરાતમાં પડેલા સાંબેલાધાર વરસાદના સમાચાને મુખ્ય બનાવ્યાં છે.
- જ્યારે અમેરિકામાં લોકો રસ્તા ઉપરઉતર્યા સહિતના સમાચાર વાંચવા મળી રહ્યાં છે..
- અખબારો અનુસાર જઇએ તો ગુજરાત સમાચારે લખ્યુ છે કે ગુજરાતમાં મેઘરાજા મનમૂકીને વરસ્યા , સુઇ ગામમાં બાર 12 ઇચ
- સંદેશે લખ્યું છે કે પંદર કલાકમાં સુઇ ગામમાં 15 ઇંચ વરસાદ 20 તાલુકામાં પાંચ ઈંચ વધુ નવગુજરાત સમયની હેડલાઇનસ છે રાજ્યમાં અનરાધાર વરસાદ સઇગામમાં 12 ઇંચ
- આ સાથે ગુજરાત સમાચારની અન્ય હેડલાઇન છે .. રશિયાએ આંતરડાના કેન્સરની રસી બનાવી, વપરાશ માટે મંજૂરીની રાહ..
- દિવ્ય ભાસ્કરે અન્ય સમાચારમાં .. હોકીમાં ભારત 8 વર્ષ બાદ એશિયા કપમાં વિજેતા,દક્ષિણ કોરિયાને 4-1 થી હરાવ્યું.. ટ્રમ્પ સાથેના કરાર છતાં જાપાનના પીએમ ને રાજીનામું આપવું પડ્યું જેવા સમાચારો લીધા છે
- સંદેશની અન્ય હેડલાઇન છે.. સરકારે ઇન્ફેકશન રોકવા સહિતની 42 જીવનરક્ષક દવાઓની કિમત નક્કી કરી
- સ્થાનિક સમાચારોમાં ....2,323 કરોડના સટ્ટાકિંગના પાસપોર્ટની મુદત પુરી થવાથી ડિપોર્ટ થવા સિવાય વિકલ્પ ન હતો .. સાબરમતીમાં ધસમસ્તો પ્રવાહ : રિવરફ્રન્ટ વોક-વે જળમગ્ન.. જીએસટી માં ફેરફારથી સપ્ટેમ્બરમાં બિલિંગ મુદ્દે વેપારીઓ મુશકેલીમાં જેવા વિવિધ સમાચારો આવરી લેવાયા છે.